# પ્રકરણ : ૭

# ઉપસંહાર

ચૌધરી સમાજને અન્ય આદિજાતિની જેમ પોતાની આગવી બોલી,પહેરવેશ, તહેવાર, ધાર્મિક માન્યતાઓ ,રીતરિવાજ અને વિધિવિધાનો છે,તેમજ જન્મ સંસ્કાર, સગાઈ કે લગ્ન સંસ્કાર,મૃત્યુ સંસ્કાર તેમજ મૃત્યુ બાદ થતી ખતરા વિધિ વગેરે પણ તેના પોતીકા છે. આ સમાજે પોતાના આ તમામ સંસ્કારો તેમજ રીતરિવાજોની પરંપરાને લોકગીત કે લોકકથાઓ દ્વારા સતત વહેતી રાખી છે.તેમાંથી કેટલીક ગમતી ગીતરચનાઓ અને વાર્તાઓની પસંદગી કરી તેનો વિગતવાર અભ્યાસ અહી રજૂ કર્યો છે.

અહી પ્રથમ પ્રકરણમાં તાપી જિલ્લાની સાંસ્કૃતિક, ઐતિહાસિક તેમજ ભૌગોલિક પરિચય આપી તેમાં વસવાટ કરતી ચૌધરી,ગામીત,વસાવા તેમજ કોટવાળિયા વગેરે જાતિઓનો સામાન્ય પરિચય આપવામાં આવ્યો છે;સાથે જિલ્લાના જોવાલાયક સ્થળોની પણ માહિતી મૂકવામાં આવી છે.

ચૌધરી જાતિને રાજપૂતોમાંથી ઉતરી આવેલી જાતિ માનવામાં આવે છે,અને તેમનું મૂળ વતન પાવાગઢને માનવામાં આવે છે.તો ચૌધરી જાતિના જ કેટલાક આગેવાનો પોતાને આ જ ભૂમિના મૂળ વતની માને છે.તેમની આ બે માન્યાતાઓ અંગે વિદ્વાનોના મંતવ્યો અને પ્રાપ્ત સરકારી દસ્તાવેજોના આધારે વિસ્તૃત છણાવટ બીજા પ્રકરણમાં મૂકવામાં આવી છે.તો વળી, ચૌધરીઓનું ખાનપાન,વ્યવસાય,સમાજવ્યવસ્થા,તહેવારો,વાદ્યો અને તેમના જીવનચક્ર અંગેની ચર્ચા પણ અત્રે સમાવી લેવામાં આવી છે.

અન્ય સમાજની જેમ ચૌધરીઓમાં પણ સગાઈ અને લગ્નની દરેક રીત કરતી વખતે ગીતો ગવાતા હોય છે.આ ગીતોને પ્રસંગોનુસાર મૂકી તેની સમજ આપવામાં આવી છે.સગાઈ ટાણે જાન માડવામાં આવીને બેસે કે તરત ગીતાયરીઓ સગાઈના ફટાણા ગાવાનું શરૂ કરી દે છે,ને પછી જેમ રસમો લેવાતી જાય તે મુજબના ગીતો તેઓ રજૂ કરે છે અને વાતાવરણને એક અનોખા આનંદ અને ઉમળકાથી ભરી દે છે.

સગાઈ ટાણે જ્યારે છોકરા અને છોકરીને તેમની હા છે કે ના તે જાણવા માટે વડીલો દ્વારા તેમને પૂછવામાં આવે છે ત્યારે ગીતાયરીઓ ગાય છે,-

“ તુલ ગમે તે,તુલ ગમે તે,પંગાડ બેસાદે આપેહે બેના,

નાય ગમે તે,નાય ગમે તે,ના પાડી દે આપેહે બેના

જો બંનેની 'હા' હોય તો લાડા લાડીને સગાઈ વિધિથી જોડવા માટે પાટલા પર ચડાવવામાં આવે છે.તેઓ એકબીજાને વરમાળા પહેરાવી ગોળ ખવડાવે છે.આ સમયે ગીતાયરીઓ નીચેનું ગીત ગાય છે,-

" પીણઅ પીતા પીવાય ગ આમે કા કરજે બેના,

પાટને ચડતા ચડાય ગ આમે કા કરજે બેના,

પીણઅ પીતા પીવાય ગ આમે કા કરજે બેના"

આમ અહી સગાઈની થઈ ગયા પછી તેને તોડવી લગભગ અશક્ય બની જાય છે.સગાઈના અંતે સૌને ગોળ ખવડાવવામાં આવે છે,આ ગોળ અંગેના રમૂજી ગીતો પણ અહીં સમાવવામાં આવ્યા છે,જેમકે -

" ગુલાણે ચાટો રા મંછો ગુલાણે ચાટો રા,

સીબનઅ નેય નાઠો રા મંછો સીબનઅ નેય નાઠો રા,

સીબનઅ નેય નાઠો રા મંછો છાપ્પે જાયને કૂદી કૂદીને નાચે રા"

સગાઈ પછીના બે - ત્રણ મહિનાના ગાળામાં લગ્ન લેવાતા હોય છે.લગ્ન વખતનો મંડપ તૈયાર કરવામાં આવી રહ્યો હોય છે તે વખતે ગીતાયરીઓ નીચેનું ગીત વહેતુ મૂકે છે,

" બાર બેલી તારા માંડવડો બેની રે વેવરીયા,

એક થાંબલું બીજું નાખ,તૈયાર માંડવો ખસો થાય બેની રે વેવરીયા,

બાર બેલી તારા માંડવડો બેની રે વેવરીયા,

એક જરડું બીજું નાખ તૈયાર  માંડવો ખસો થાય બેની રે વેવરીયા,

માંડવો તૈયાર થઈ ગયા પછી લાડા કે લાડીને પીઠી લગાવવામાં આવે છે.આ માટે તેમને ગામમાં કે સીમમાં આવેલા હીમાયરા દેવના સ્થાનકે લઈ જવામાં આવે છે.તેમના હાથે દેવની પૂજા થઈ રહી હોય છે ત્યારે જે  ગીતો ગવાતા હોય છે તેનું ઉદાહરણ જોઈએ,-

“ થઇડે થઇડે પૂજા પાડે યે બેના,

ડાળે ડાળે દેવી રમે યે બેના,

થઇડે થઇડે સાક પાડાવે યે બેના,

ડાળે ડાળે દેવી રમે યે બેના..”

લગ્નની આ પીઠીને બહેનો લગ્નના એક અઠવાડિયા પહેલા જાતે દળીને તૈયાર કરતા હોય છે,આ કામ કર્યે જતા તેઓ ગાય છે,-

“ બેનનું હળાદ ઝીણું ઝીણું થાય મોરલીયા,

પગ તલીયે ઝીણું ઝીણું થાય મોરલીયા,

તેઓ લગ્નના નાચણામાં નાચવાનું કદી ચૂકતા નથી.નાચણા પ્રત્યેની પોતાની રુચિને વર્ણવતા તેઓ નીચેનું ગીત રજૂ કરે છે,

“ ડોવડઅ વાગે બેના હેલા માંડવા તલે યે,

નાચા એ જે મંછા હેલા માંડવા તલે રા”

લગ્નના બીજા દિવસની વહેલી સવારે લાડાની જાન લાડીના ગામ જવા ચાલતી કે બળદગાડામાં બેસીને નીકળી પડતી.આજે હવે વિવિધ વાહનોનો ઉપયોગ થાય છે.તો એ સમયે સાળો કે સાળી લાડાની જાનને ઘરની આગળ વાંસ આડો કરીને રોકતા હતા.તેમને આ ઝાંપો ખોલી દેવાની વાત કરતી ગીતાયરી ગાતી,-

“ ઝાપુલી ખુલ્લાતી રાખજે લઅંડે,

આમે બાયો જાન નેયને આવેહે હીના લઅંડે,

ઝાપુલી ખુલ્લાતી રાખજે હીના લઅંડે,

આમે બાયો જાન કુદાડતો લાવેહે હીના લઅંડે,

ને આ રીતે જાન જ્યારે આંગણામાં આવી પહોંચતી ત્યારે પરંપરા મુજબ લાડીને સંતાડી દેવામાં આવતી.પછી તેને વરપક્ષની બહેનો શોધીને લઈ આવતી.આમ,લાડી દેખાય ન પડવાના કારણે તેઓ નીચે જેવા ગીતો ગાય છે,-

"બાદે બાદે દેખાય ને હીના કેહેની દેખાય રા મારું બાયા,

બીજાહા નાય કામ ને હીના કામ હેય રા મારું બાયા,."

ત્યારબાદની આગળની  વિધિઓમાં ફટાણાની ચકમક ઝરતી. જેની અંદર લાડો - લાડી કે સાસુ -સસરા પર ગાળોનો વરસાદ થતો.તેમાં અમુક અંશે અશ્લીલતા પણ આવી જતી,છતાં પ્રસંગને તે આનંદથી ભરી દેતા હતા.જેમકે,

"ઠાલીમાંથી વાંદાર કૂયદો હાય હાય રે,

હીના કઅય મારે માટી કૂયદો હાય હાય રે,

ઠાલીમાંથી વાંદાર કૂયદો હાય હાય રે,

હીના કઅય મારે તીસ માટી હાય હાય રે"

સગાઈની જેમ જ લગ્નમાં પણ લાડાલાડીને પાટલે ચડાવવામાં આવે છે.આ સમયે કરવામાં આવતા તેમના વખાણ કે ટીખળના ફટાણા વિગતે ચર્ચા કરવામાં આવી છે.લાડોલાડી એકબીજાને વરમાળા પહેરાવી દે,ત્યારપછી તેમના છેડા બાંધવામાં આવતા. આ સમયે તેમને શીખામણની જે વાતો થતી તે જોઈએ,

"અલે ખર પલે ખર બેહતો હતો તે માયા છોડજે રા મંછા,

તે માયા છોડજે રા,

અલે ઓટલે પલે ઓટલે બેહતો હતો તે માયા છોડજે રા મંછા,

તે માયા છોડજે રા,"

ત્યારબાદ લાડાલાડીને તેમના મામા અને ભાઈ વગેરે ખભે ઉંચકીને નચાડતા.તે સમયે નીચેનું ગીત ગવાતુ-

" બેના બેઠી બેના મામહાણે ગરજે વીરે,

મંછી બેઠો મંછી તતીડાણે ખોદા ઉપાર,

બેના બેઠી બેના ફાયાણે ગરજે વીરે,

મંછી બેઠો મંછી ગેદડાણે ગરજે વીરે.. "

લાડાલાડીના ચૂલાના અગ્નિએ મંગળફેરા લેવામાં આવતા.ને પછી લાડીને સૌ સગા સંબંધીઓ અને ફળિયાના લોકો ભેટીને વિદાય કરતા.આ સમાજનું ખરું સંવેદન આ સમયે બહાર આવતું.આંખો માંડવો અશ્રુભીનો થઈ જતો.આ સમયે એક પછી એક રજૂ જતા ગીતોના સૂર કરૂણતાને ઘોળીને રજૂ કરતા હોય છે,

" હવેલી હાકડી પડી કાડ દેની યે બેના,

આબેહે રૂપિયા ખાદા કાલ રડે યે બેના,હવેલી..

બાવેહે રૂપિયા ખાદા કાલ રડે યે બેના,હવેલી.."

આ સમાજની એક લાક્ષણિકતા રહી છે કે તેઓ છોકરા-છોકરીને એકસરખું મહત્ત્વ આપે છે.તેથી જ અહીં ખંધાડ પ્રથા ચાલે છે.દીકરીને વળાવવા કન્યાપક્ષવાળા વરના ઘર સુધી આવતા હોય છે.આ તમામ બાબતો અહીં બતાવવામાં આવી છે.

આ સાથે હરખી ગીતો,પ્રકૃતિ પ્રત્યેની સંવેદના જગાવતા પ્રકૃતિ ગીતો તેમજ તેમનો સૌથી અગત્યનો તહેવાર ગણાતા હોળીના ગીતોની વિગતવાર સમજૂતી આપવામાં આવે છે.જેમકે ,

"હાડલી વાટલી લે યે હોલીબાય નાચતી જા યે,હોલીબાય નાચતી જા યે,

કોયઠ્ઠે કનદ્દડે હાથ ખેન છાને,રૂપિયા જ કાડ યે છાને રૂપિયા જ કાડ યે,

કોયઠ્ઠે કનદ્દડે હાથ ખેન છાને ચણા જ કાડ યે,છાને ચણા જ કાડ,

તો લોકકથાના પ્રકરણમાં કુલ સોળ વાર્તાઓ પસંદ કરી તેનો અનુવાદ કરવામાં આવ્યો છે.તેના આધારે વાર્તામાં આવતા સાહિત્યિક અને સાંસ્કૃતિક પાસાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

અહીં 'તેતર અને શિયાળ' નામની પ્રાણીકથા લેવામાં આવી છે.જેમાં તેતર અને શિયાળની મિત્રતા તેમજ કયા કારણે તેમની દુશ્મનાવટ બંધાય તેનું સુંદર ચિત્રણ થયેલ છે.તો ઠગ જેવી વાર્તામાં બુદ્ધિચાતુર્યની વાત કરવામાં આવી છે.ઠગ પોતાની ચતુરાઈના કારણે જે નવા નવા કીમિયાઓ કરે છે તે આસ્વાદ્ય બને છે.આવી જ ચતુરાઈની વાતો 'બુચો' તેમજ 'ડોસી અને છોકરો' વાર્તામાં પણ જોવા મળે છે.વાર્તાનાયક બુચો પણ પોતાની ચતુરાઈના આધારે જેવા સાથે તેવાનો વ્યવહાર કરે છે.તે કોઈપણ મુશ્કેલ લાગતી પરિસ્થિતીનો તોડ તરત લાવી દે છે.તેથી પટેલ તેમજ પોતાના સગા મામા-મામી અને સાસુ વગેરેને યોગ્ય પાઠ ભણાવે છે.

તો 'પોહનો ગોવાળ' વાર્તામાં ગોવાળનું કામ કરતા પોહનાની વાત કરવામાં આવે છે.પરિસ્થિતિના હાથે લાચારી વઠતા પોહનાને આખું ધણ તેના કહ્યા અનુસાર વર્તે છે. વાર્તામાં આવતા ચમત્કારીક વર્ણનો અદ્‌ભૂત રસનો અનુભવ કરાવે છે. 'સમડી દેશ' વાર્તા પણ સમાજે કલ્પેલી કલ્પનાની સૃષ્ટિને રજૂ કરે છે.સમડી દ્વારા પોતાના દેશમાં લઈ જવાયેલો વાર્તાનાયક ત્યાંની સ્ત્રીઓ પાસે મંત્રવિદ્યા શીખી લીધા પછી વિશાળ પંખીનો પગ પકડી લઈને ત્યાંથી આવતો રહે છે.તે ડાકણોની મેલી શક્તિની અસર થતા મૃત્યુ પામે છે પણ મંત્રતંત્રની વિદ્યાથી તે પાછો સજીવન થાય છે અને ગામના લોકોને રંજાડતી ડાકણોને પકડીને ગામને હવાલે કરી દે છે.

તો 'સાસુ અને વહુ' વાર્તા સમાજમાં જોવા મળતા સાસુ અને વહુ વચ્ચે ટકરાવોની યાદ અપાવી જાય છે.વહુ પોતાની સાસુ પ્રત્યેના અણગમાને કારણે તેને ઘરમાંથી કાઢી મૂકે છે.વહુના કહેવાથી પોતાનો સગો દીકરી તેની માને જંગલમાં ભૂલી પાડીને આવતો રહે છે.પણ સાસુ પોતાના પુણ્યપ્રતાપે સુખ સમૃદ્ધિમાં મહાલતી થઈ જાય છે.પોતાને ઘરમાંથી કાઢી મૂકી હોવા છતા તે પોતાના દીકરા અને વહુ પ્રત્યે લાગણી દાખવી તેમને પોતાની સાથે રહેવા બોલાવી લે છે જે તેની સમજદારીને બતાવી આપે છે.

'નાગ','કેખનાફૂલ' અને 'પાનારાજ' જેવી વાર્તાઓ અદ્ભૂત રસની દુનિયાથી ભરેલી છે.તેમાં આવતા વર્ણનો જોતા આ સમાજના લોકોની કલ્પના શકિતની ઉંડાઈનો ખ્યાલ આવે છે.

આમ ચૌધરી સમાજ પોતાની એક સમૃદ્ધ પરંપરા ધરાવતો સમાજ છે.તેમાં ગવાતા ગીતો અને વાર્તાઓના આધારે અહીં તેના જીવનદર્પણને માણવાનો શક્ય એટલો પ્રયત્ન કરવામાં આવ્યો છે.તેમાં ઘણીબધી કચાશો રહી ગઈ હશે એ પણ સત્ય છે.પરંપરાઓ, રહેણીકરણી,માન્યતાઓ તેમજ તહેવારો અને સંસ્કારો બાબતે અનેક વિવિધતાઓને લઈને બેઠેલા આ સમાજને લોકસાહિત્યના કોઈ સ્વરૂપને આધારે મુલવવો ઘણો કઠીન છે.તેમાં સમાજજીવનના ઘણાબધા પાસા અવલોકનોથી બાકાત રહી જતા હોય છે.માટે મારું આ સંશોધનકાર્ય સમાજ વિશેની એક અલ્પ માહિતીને રજૂ કરે છે.જે આવનાર દિવસોમાં નવા સંશોધકોને મદદરૂપ થાય તોપણ મારા માટે આનંદની વાત હશે.